### ચૈતર વસાવા પર મારમાર અને સરકારી કામમાં અડચણના આરોપ

# ઝઘડિયા GIDC બ્લાસ્ટ બાદ બબાલ: ચૈતર વસાવા સામે ત્રણ FIR, મામલો સેન્સિટિવ કેટેગરીમાં

**બ્લાસ્ટ** પ્રકરણ કંપની સામે ગુનો ન નોંધનાર પોલીસ ભૂમિકા દોયરામાં: MLA ચૈતર વસાવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 29

ઝઘડિયા GIDC વિસ્તારમાં એક કંપનીમાં થયેલા વિસ્ફોટ (બ્લાસ્ટ) બાદ તણાવ વધતાં સ્થાનિકોએ રોષ ઠાલવ્યો હતો. આ ઘટનામાં એક વ્યક્તિના મૃત્યુના સમાચાર મળતાં જ વિસ્તારમાં હોબાળો મચી ગયો હતો. ઘટનાસ્થળે મતદાનનાં બીજા દિવસે સ્થાનિક ધારાસભ્ય ચૈતર વસાવા પોતાના સમર્થકો સાથે પહોંચ્યા હતા, જ્યાં તેમનો રોશન વસાવા નામના વ્યક્તિ સાથે ઉગ્ર બોલાચાલી બાદ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું.વાત વધતાં લાફાવાળી સુધીનો મામલો પહોચતા વાતાવરણ તંગ બની ગયું હતું.આ ઘટનામાં સ્થાનિકો વચ્ચે વિવાદ વધતા કંપની સાથે વળતર માટેનો પ્રશ્ન સાઈડ પર રહ્યો હતો.

બીજા દિવસે જ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરતાં ઝઘડિયા GIDC પોલીસ સ્ટેશનમાં ચૈતર વસાવા સામે ત્રણ અલગ-અલગ ફરિયાદો નોંધી છે. પ્રથમ FIR રોશન વસાવાને માર મારવા બાબતે, બીજી સરકારી કામમાં દખલગીરી કરવા બદલ અને ત્રીજી કંપનીના પરિસરમાં ગેરકાયદે પ્રવેશ કરવાની છે. પોલીસે આ ત્રણેય FIRને 'સેન્સિટિવ કેટેગરી'માં મૂકી છે, જે આ મામલાની ગંભીરતા દર્શાવે છે.હાલ પોલીસે સંપૂર્ણ તપાસ શરૂ કરીને



સંડોવાયેલા લોકો સામે કાનૂની પગલાં લેવાની કાર્યવાહી શરૂ કરી છે.

સ્થાનિક ધારાસભ્ય ચૈતર વસાવા સામે પોલીસે ત્રણ FIR નોંધતા વિસ્તારમાં રાજકીય ગરમી વધી છે. વસાવાએ આ કાર્યવાહીને દબાવવાની રાજનીતિ ગણાવી છે અને કામદારોના ન્યાય માટેની લડત ચાલુ રાખવાની ચીમકી આપી છે.

ઝગડિયા પોલીસે ગઈકાલે પરિણામો આવ્યા બાદ આજે ધારાસભ્ય સહિત અન્ય આગેવાનો વિરુદ્ધ કેસ નોંધ્યા છે. વસાવાનો આક્ષેપ છે કે પોલીસ પ્રશાસન કંપનીને બચાવવાના પ્રયાસો કરી રહ્યું છે અને તેમને ડરાવવા માટે FIR નોંધવામાં આવી છે.

ધારાસભ્યએ સવાલ ઉઠાવતા કહ્યું, "ગંભીર દુર્ઘટના અને મૃત્યુ બાદ ઝીરો અવર્સમાં કંપની સામે ફરિયાદ થવી જોઈતી હતી, પરંતુ ઝગડિયા પોલીસે પાંચ દિવસ સુધી કોઈ કાર્યવાહી કરી ન હતી. પ્રશાસને માત્ર કંપની બંધ કરવાની નોટિસ આપી સંતોષ માન્યો છે."

તેમણે વધુમાં જણાવ્યું કે તેઓ પીડિત પરિવારો સાથે માનવતાના ધોરણે મદદ માંગવા ગયા હતા, જે બદલ તેમના પર FIR નોંધવામાં આવી છે. વસાવાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, "અમે જેલ જવાથી ડરતા નથી. અંકલેશ્વર, પાનોલી, દહેજ અને વાલિયામાં કામદારોના હક માટે લડ્યા છીએ, આગળ પણ લડતા રહીશું."

ધારાસભ્યએ દાવો કર્યો કે હજારો લોકો આ લડતમાં જોડાવા અને જેલ જવા તૈયાર છે. તેમણે 16 પીડિત પરિવારોને ન્યાય અપાવવાની ખાતરી આપતા કહ્યું કે ગમે તેટલી FIR થાય તોપણ અન્યાય સામેનો સંઘર્ષ ચાલુ રાખશે.

હાલ આ મામલે પોલીસની ભૂમિકા અને રાજકીય દબાણના સવાલો ઉઠી રહ્યા છે, જોકે પોલીસ તરફથી હજુ આ અંગે સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી.

# ભડકોદરા ગામની ડમ્પિંગ સાઈડમાં ફરી એકવાર રીતે આગ ફાટી નીકળતા દોડધામ

**જવાબદાર** તંત્ર દ્વારા કડક તપાસ તથા સ્થાયી ઉકેલની માંગ ઉઠી



(પ્રતિનિધિ) અંકલેશ્વર તા.29

અંકલેશ્વર તાલુકાના ભડકોદરા ગામની ડમ્પિંગ સાઈડમાં ફરી એકવાર રહસ્યમય રીતે આગ ફાટી નીકળતા વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. છેલ્લા બે મહિનામાં પાંચમી વખત આગ લાગવાની ઘટના સામે આવતા તંત્રની કામગીરી અને સુરક્ષા વ્યવસ્થા અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.

અંકલેશ્વર તાલુકાના ભડકોદરા ગ્રામ પંચાયત હેઠળ આવેલી સોલિડ વેસ્ટ નિકાલ માટેની ડમ્પિંગ સાઈટમાં અચાનક આગ લાગતા આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગના કારણે ભારે પ્રમાણમાં કાળો ધુમાડો ફેલાયો હતો, જેના કારણે નજીકના વિસ્તારોમાં વાયુ પ્રદૂષણનો ખતરો ઊભો થયો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ આગ લાગ્યા બાદ લાંબા સમય સુધી ધુમાડાના ગોટાળા આકાશમાં દેખાતા રહ્યા હતા, જેના કારણે રહેવાસીઓમાં ભય અને ચિંતા ફેલાઈ હતી. ડમ્પિંગ સાઈટ નજીક આવેલી સ્ક્રેપ માર્કેટમાંથી કેટલાક અસામાજિક તત્વો દ્વારા કેમિકલ વેસ્ટ ગેરકાયદેસર રીતે અહીં ઠાલવી તેને સળગાવવામાં આવતું હોવાની શંકા સ્થાનિકો વ્યક્ત કરી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત 10 ફેબ્રુઆરી,23 ફેબ્રુઆરી, 6 માર્ચ અને 24 માર્ચની રાત્રીએ પણ આ જ ડમ્પિંગ સાઈટમાં આગની ઘટનાઓ બની હતી. વારંવાર લાગતી આગને લઈને ગ્રામજનોમાં રોષ ફેલાયો છે અને જવાબદાર તંત્ર દ્વારા કડક તપાસ તથા સ્થાયી ઉકેલની માંગ ઉઠી રહી છે.

### ભારત અને કેનેડા વચ્ચે દ્વિપક્ષીય વેપારને વેગ અપાશે

# ICTC ગુજરાત અને આલ્બર્ટા ઈન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સ વચ્ચે MoU

ભાગીદારીથી બંને વચ્ચેના વ્યાપારી સંબંધોમાં પારદર્શિતા અને વિશ્વાસ વધશે



(પ્રતિનિધિ) વડોદરા તા.29

ઈન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ કાઉન્સિલ (ICTC) ગુજરાત અને આલ્બર્ટા ઈન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સ (AICC) વચ્ચે વેપાર અને સહયોગના નવા યુગની શરૂઆત કરવા માટે વડોદરા ખાતે એક મહત્વપૂર્ણ બેઠક અને MoU કરવામાં આવ્યો હતો. જેથી બંને દેશો મુખ્યત્વે ઊર્જા અને કુદરતી સંસાધનો, કૃષિ, ઉત્પાદન અને ઉદ્યોગ, શિક્ષણ અને પ્રવાસન અને તબીબી પ્રવાસન જેવા સેક્ટરમાં કાર્ય કરશે.

જે વિશે માહિતી આપતા ICTC ગુજરાતના ચેરમેન વિરલ ચૌધરીએ જણાવ્યું હતું કે, AICC ઈન્ડિયા ચેપ્ટરના પ્રેસિડેન્ટ વંદના બહેન, આલ્બર્ટા ઈન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સના વ્યૂહાત્મક સલાહકાર ભાવેશ ઠાકોર અને અન્ય ઉદ્યોગ સાહસિકો તથા સલાહકારોની ખાસ ઉપસ્થિતમાં એમઓયુ કરવામાં આવ્યો હતો. જેના પરિણામ સ્વરૂપ આવનારા સમયમાં વિકસિત ભારત 2047ના વિઝનને વેગ મળશે. ઉપરાંત હવે મેમ્બર-ડ્રિવનની જગ્યાએ સેક્ટર-ડ્રિવન અભિગમ ઉપર કામ કરવામાં આવશે. આ ભાગીદારીથી કેનેડા અને ભારત વચ્ચેના વ્યાપારી સંબંધોમાં પારદર્શિતા અને વિશ્વાસ વધશે. જે બંને દેશોના આર્થિક વિકાસ માટે નિર્ણાયક સાબિત થશે.

# આજે યુનિવર્સિટી ખાતે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે

**રોજગાર** માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, વડોદરા દ્વારા આયોજન

(પ્રતિનિધિ) વડોદરા તા.29

યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર (યુ.ઈ.બી.), વડોદરા દ્વારા આવતીકાલે તા. ૩૦/૦૪/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળો કમાટી બાગની સામે, યુનિવર્સિટી ગેસ્ટ હાઉસની બાજુમાં આવેલા યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ ઈન્ફોર્મેશન એન્ડ ગાઈડન્સ બ્યુરો (યુ.ઈ.બી.), વડોદરા ખાતે યોજાશે.

આ ભરતી મેળામાં બી.ઈ. (ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ), એમ.એસસી. (કેમેસ્ટ્રી, ઓર્ગેનિક કેમેસ્ટ્રી), બી.ફાર્મ, માઈક્રોબાયોલોજી, અને બાયોટેકનોલોજીની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. ૩૫ વર્ષ સુધીની વયમર્યાદા ધરાવતા અનુભવી તેમજ બિન-અનુભવી, મહિલા અને પુરુષ બંને ઉમેદવારો માટે ટ્રેની એન્જીનીયર, ક્યુ.સી. ટ્રેની, અને એપ્રેન્ટીસ જેવી વિવિધ જગ્યાઓ માટે કંપનીઓ દ્વારા સ્થળ પર જ રૂબરૂ ઈન્ટરવ્યુ લેવામાં આવશે.

આ કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત ઉમેદવારોને વિદેશમાં શિક્ષણ અને રોજગારીની તકો, સુરક્ષિત કાનૂની સ્થળાંતર (સેફ લીગલ માઈગ્રેશન), સ્વરોજગાર, લોન સહાય, સ્ટાર્ટ-અપ, વોકેશનલ તાલીમ તેમજ એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ અંગે નિઃશુલ્ક માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. તદુપરાંત, ઓનલાઈન રોજગારીની તકો અને રોજગારલક્ષી સરકારી પોર્ટલ 'અનુબંધમ' તેમજ 'એન.સી.એસ.' ના મહત્તમ ઉપયોગ અંગે પણ વિસ્તૃત જાણકારી અને માર્ગદર્શન આપવામાં આવશે. રસ અને યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા તમામ રોજગારવાંચ્છુ ઉમેદવારોએ પોતાના બાયોડેટા (રિઝ્યુમ) ની ત્રણ નકલો સાથે સ્વ-ખર્ચે નિયત સમયે અને સ્થળે અચૂક ઉપસ્થિત રહેવા યુ.ઈ.બી. ના નાયબ વડા અલ્પેશ એલ. ચૌહાણે જણાવ્યું છે.

### લીંબુનો ભાવ 300 રૂપિયાને પાર થતા કામ ચલાઉ નુસ્ખો

# લીંબુના ભાવની ખટાશને ખાળવા ગૃહિણીઓએ વઘારમાં લીંબુના ફૂલનો ઉપયોગ વધાર્યો

(પ્રતિનિધિ) અંકલેશ્વર તા.29

લીંબુના ભાવ આસમાને પહોંચ્યા છે ત્યારે મોટાભાગની ગૃહિણીઓ એ ફરજિયાત પણે વઘારમાં ખટાશ ઘટાડી દેવી પડી છે. જોકે આ કશ્મકશ માંથી ઉગરવા ગૃહિણીઓએ લીંબુના ફૂલનો ઉપયોગ શરૂ કરી દીધો છે.

અંકલેશ્વર સહીત રાજ્યભરમાં ઉનાળાની આગ ઝરતી ગરમી વચ્ચે લીંબુના ભાવ આસમાને પહોંચ્યા છે. છેલ્લા ત્રણ મહિના દરમ્યાન લીંબુના ભાવ પ્રતિ કિલો રૂપિયા 45 ઉપરથી રૂપિયા 300 ઉપર પહોંચ્યો છે, જેને પગલે રસોડામાં ગૃહિણીઓ વરુણીમાં મુકાય છે. દાળ શાકના વઘારમાં ખટાશ સ્વરૂપે લીંબુની આવશકતા હોય છે પણ લીંબુના ભાવ આસમાને પહોંચ્યા છે ત્યારે મોટાભાગની ગૃહિણીઓ એ ફરજિયાત પણે વઘારમાં ખટાશ ઘટાડી દેવી પડી છે. જોકે આ કશ્મકશ માંથી ઉગરવા ગૃહિણીઓએ લીંબુના ફૂલનો



ઉપયોગ શરૂ કરી દીધો છે.

લીંબુ ના ફૂલ કંઈ કુદરતી પેદાશ નથી બલ્કે સિટ્રિક એસિડ નામનુ કેમિકલ તત્વ છે.સિટ્રિક ઍસિડ એટલે કે લીંબુના ફૂલને ખરેખર લીંબુના છોડ કે લીંબુના વૃક્ષ પર ઊગતા ફૂલ સાથે કોઈ જ લેવાદેવા નથી. સફેદ, પાસાદાર, કરકરી ચમકદાર દળેલી ખાંડ જેવાં દેખાતાં લીંબુનાં ફૂલ એ સિટ્રિક ઍસિડનું ઘન સ્વરૂપ છે. લીંબુ જેવી ખટાશ હોવાથી અને લીંબુની અવેજીમાં વાપરી શકાય એવી ચીજ હોવાથી એનુ નામ લીંબુના ફૂલ પડી ગયુ છે.

ઉનાળામાં ભાવ વધતા મધ્યમવર્ગીય અને ગરીબ વર્ગ ની પ્લેટ માંથી લીબુડા ધીરે ધીરે ગાયબ થતા જોવા મળી રહ્યા છે. તો હોટલ તેમજ લારી ધાબા પર લીબુ ના બદલે હવે સરકા અને વિનિગર અથવા લીબું ના ફૂલ નો વપરાશ તરફ વળ્યા છે. તો ગૃહિણીઓ પણ લીંબુના ફુલ નો ખટાશ તરીકે ઉપયોગમાં લઇ રહી છે.ઘરમાં લીંબુ ન હોય તો દાળમાં ચપટીક લીંબુના ફૂલ નાખી દે. પાણીપૂરીમાં લીંબુ, આમલી, કે આમચૂરની અવેજીમાં પણ લીંબુનાં ફૂલ ચાલી જાય. પૌંઆ કે મકાઈનો સૂકો ચેવડો ખટમીઠો બનાવવા અને લાંબો સમય ટકી રહે એ માટે એમાં ઉપરથી લીંબુના ફૂલ ભભરાવી દેવાય છે. ગરમીથી રાહત મેળવવા માટે લોકો ઠંડાપીણા, શેરડીનો રસ, લીંબુ શિકંજીનું સેવન કરી ગરમીથી રાહત મેળવી રહ્યા છે. પરંતુ હવે શેરડીના રસ, લિંબુ સરબત અને શિકંજીના વેચાણમાં વધારો થતા લીંબુની વધતી જરૂરીયાત વચ્ચે લીંબુના ભાવ પણ આસમાને પહોંચ્યા છે,છેલ્લા ૧૫ દિવસમાં લીંબુના ભાવ ચાર ગણા થયા છે.

# હરણી પોલીસે ગુમ થયેલા 13 મોબાઈલ માલિકોને પરત સોંપ્યા

**રૂ.2.79** લાખના મુદ્દામાલ શોધી માલિકોને પોલીસ સ્ટેશન બોલાવી પીઆઇના હસ્તે વિતરણ

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા શહેરની હરણી પોલીસે "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત ગુમ થયેલા કુલ ૧૩ મોબાઈલ ફોન, જેની કુલ કિંમત રૂ.2.79 લાખનો મુદ્દામાલ શોધી કાઢી તેમના મૂળ માલિકોને પરત સોંપ્યો હતો.

વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિંહા કોમાર, અધિક પોલીસ કમિશ્નર નિલેશ જાજડીયા (ક્રાઈમ એન્ડ લો એન્ડ ઓર્ડર),ના માર્ગદર્શન હેઠળ હરણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુમ થયેલા મોબાઈલ અંગે મળેલી અરજીઓ પર તપાસ હાથ ધરવામાં આવી હતી.

પોલીસ ઈન્સ્પેક્ટર એસ.વી. વસાવાની સુચના હેઠળ હરણી





પોલીસે એપ્લિકેશન તથા IMEI નંબરના CDRના આધારે ટેકનિકલ તપાસ કરી 13 મોબાઈલ ફોન શોધી કાઢ્યા હતા. આ તમામ મોબાઈલના માલિકોને હરણી પોલીસ સ્ટેશન ખાતે બોલાવી ઓળખ અને ખાતરી કર્યા બાદ 29 એપ્રિલના રોજ યોજાયેલા "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમમાં પોલીસ ઈન્સ્પેક્ટર એસ.વી. વસાવાના હસ્તે મોબાઈલ પરત સોંપવામાં આવ્યા હતા.

### વડોદરાના વિકાસમાં વધુ એક સીમાચિહ્ન

# તરસાલી અને વડદલા વિસ્તારમાં 110.88 કરોડના ખર્ચે બનશે અત્યાધુનિક STP

**2.70 લાખથી** વધુ નાગરિકોને મળશે ગંદા પાણીના નિકાલ અને પર્યાવરણ સુરક્ષાની સુવિધા

(પ્રતિનિધિ) વડોદરા. તા.29

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના આઉટગ્રોથ અને નવા વિસ્તારોમાં સુવિધાઓના વિસ્તરણ માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતા, પાલિકાએ તરસાલી અને વડદલા વિસ્તારમાં ડ્રેનેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુદ્રઢ બનાવવા માટે કમર કસી છે.

શહેરના તરસાલી (ટી.પી. 52) અને વડદલા (ટી.પી. 58) વિસ્તારમાં ડ્રેનેજના દૂષિત પાણીના વ્યવસ્થિત નિકાલ અને તેના શુદ્ધિકરણ માટે પાલિકા દ્વારા સંયુક્ત આયોજન કરવામાં આવ્યું છે.



આ હેતુસર, રેવન્યુ સર્વે નં. 30/31 ખાતે 50 MLD ક્ષમતાનો અદ્યતન 'સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ' બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેક્ટ પાછળ અંદાજે 110.88 કરોડ રૂપિયા (GST સહિત) નો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટની ખાસિયત એ છે કે અહીં પર્યાવરણને અનુકૂળ અને આધુનિક 'SBR બેઝ ટેકનોલોજી'નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પ્રોજેક્ટની પ્રગતિ અંગે માહિતી આપતા પાલિકાના સૂત્રોએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં આ કામગીરીનો 70 ટકા જેટલો હિસ્સો પૂર્ણ થઈ ચૂક્યો છે. નિર્ધારિત સમયમર્યાદા મુજબ, આ સમગ્ર કામગીરી આગામી જૂન-2026 સુધીમાં પૂર્ણ કરી લેવામાં આવશે. આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટનો સમાવેશ કેન્દ્ર સરકારની 'અમ્રુત 2.0' (ફ્રેન્ચ II) ગ્રાન્ટ અંતર્ગત કરવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે શહેરના માળખાગત સુધારા માટે પાલિકા વિવિધ સરકારી સ્કીમ્સનો મહત્તમ લાભ લઈ રહી છે. આ STP તૈયાર થવાથી માત્ર તરસાલી કે વડદલા જ નહીં, પરંતુ આસપાસના વિસ્તારો માટે પણ મોટી રાહત થશે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ વડદલા, તરસાલી, ટી.પી. 58, ટી.પી. 52, ધનીયાવી અને આજુબાજુના વિસ્તારો તેમજ વુડા વિસ્તારના અંદાજિત 2,70,000 થી વધુ નાગરિકોને ડ્રેનેજ અને સ્વચ્છતાની સીધી સુવિધા મળશે. પાલિકાના આ પ્રોજેક્ટથી શહેરી વિસ્તારોમાં પ્રદૂષણ મુક્ત વાતાવરણ અને આધુનિક ડ્રેનેજ વ્યવસ્થાનું નિર્માણ થશે.

# દિવાળીપુરામાં માર્ગ સમારકામ અને કાંસની સફાઈ પૂર્ણ

(પ્રતિનિધિ) વડોદરા. તા.29

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોની સુવિધા અને આગામી ચોમાસાની તૈયારીઓના ભાગરૂપે શહેરના વિવિધ વિસ્તારોમાં વિકાસ અને જાળવણીના કામો યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યા છે. પાલિકાના જનસંપર્ક વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, વહીવટી વોર્ડ નં. 11 અને 12 માં આ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

પશ્ચિમ ઝોનના વહીવટી વોર્ડ નં. 11 હેઠળ આવતા દિવાળીપુરા વિસ્તારમાં રહેતા સ્થાનિકો દ્વારા અશોક નગર સોસાયટીના માર્ગો પર પેચવર્ક કરવાની રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને ગંભીરતાથી લઈ, વડોદરા મહાનગરપાલિકાના રોડ વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી કામગીરી હાથ ધરવામાં આવી હતી. હવે અશોક નગર સોસાયટીના રસ્તાઓ પર પેચવર્ક પૂર્ણ થતા સ્થાનિક રહીશોને અવર-જવરમાં મોટી રાહત મળી છે.

### કુદરતનું નજરાણું, લક્કડખોદ પક્ષીઓનો કલરવ

# લાલબાગ વિસ્તારમાં લક્કડખોદ પક્ષીઓનું વૃક્ષોમાં આશ્રયસ્થાન

(પ્રતિનિધિ) વડોદરા. તા.29

વડોદરા શહેરના લાલબાગ વિસ્તારમાંથી એક અત્યંત આનંદદાયક અને પર્યાવરણ પ્રેમીઓ માટે ઉત્સાહજનક સમાચાર સામે આવ્યા છે. વડોદરા મહાનગરપાલિકાની પાર્ક્સ એન્ડ ગાર્ડન શાખા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, લાલબાગ વિસ્તારના વૃક્ષોમાં હવે લક્કડખોદ પક્ષીઓએ પોતાનું આશ્રયસ્થાન બનાવ્યું છે.

લક્કડખોદ પક્ષીઓ પિસિફૉર્મિસ શ્રેણીના પિસિડે કુળમાં આવે છે અને તે દુનિયાના લગભગ તમામ પ્રદેશોમાં જોવા મળે છે. આ પક્ષીઓની લાલબાગ વિસ્તારમાં હાજરી એ પર્યાવરણ માટે એક અત્યંત સકારાત્મક ઘટના છે. નિષ્ણાતોના મતે, આવા પક્ષીઓની હાજરીથી વિસ્તારની જૈવવિવિધતામાં વધારો થાય છે અને કુદરતી સંતુલન જળવાય છે.

લક્કડખોદ પક્ષીઓ તેમની વિશિષ્ટ શારીરિક રચના માટે જાણીતા છે. તેમની મુખ્ય વિશેષતાઓમાં આ પક્ષીઓ લાકડું ખોદવા માટે ખાસ પ્રકારની અનુકૂલિત ચાંચ ધરાવે છે. તેઓ ઝાડની છાલ કે લાકડામાં કાણું પાડીને તેમાં વસતા



કીટકોનો શિકાર કરે છે અને પોતાનો ખોરાક મેળવે છે. પોતાની ચાંચનો ઉપયોગ કરીને તેઓ માત્ર ખોરાક જ નથી મેળવતા, પરંતુ ઝાડમાં કુદરતી રીતે કાણાં પાડીને પોતાના માટે સુરક્ષિત માળા પણ બનાવે છે.

લાલબાગ વિસ્તારના વૃક્ષોમાં આ પક્ષીઓએ માળા બનાવીને પોતાનો વસવાટ શરૂ કર્યો છે, જે સમગ્ર વડોદરા શહેર માટે ગૌરવની વાત છે. આ પક્ષીઓના સંરક્ષણ અને પર્યાવરણની જાળવણી માટે વડોદરા મહાનગરપાલિકાએ તમામ નાગરિકોને સહકાર આપવા માટે ખાસ અપીલ કરી છે. વડોદરા મહાનગરપાલિકાના જનસંપર્ક વિભાગ દ્વારા આ માહિતી જાહેર કરવામાં આવી છે, જેથી શહેરીજનો આ દુર્લભ અને સુંદર પક્ષીઓના કુદરતી વાતાવરણને જાળવી રાખવામાં યોગદાન આપી શકે.

### પહેલી મેનાં રોજ સુરતમાં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ (VGRC)નાં પ્રથમ દિવસે "રાસાયણિક ખાતરમાં સ્વનિર્ભરતા

# જૈવિક ખાતરમાં દેશને સ્વનિર્ભર બનવવા સુરતનાં ખેડૂતનો યજ્ઞ

**ખાતર** ક્ષેત્રમાં આયાતનાં વિકલ્પ માટેની વ્યૂહરચનાઓ" વિષય પર ચર્ચા યોજાશે. આ ચર્ચામાં ક્લ્પેશ પટેલ જોડાશે

(પ્રતિનિધિ) સુરત તા.29

સમગ્ર રાજ્યમાં હાલ ગરમીનો પારો 44 ડિગ્રીથી ઉપર જઈ રહ્યો છે એવા સમયે સુરતનાં માંગરોળિયા ગામમાં કમલેશ પટેલનાં ખેતરમાં 20થી વધુ મજૂરો ખરિફ સીઝન પહેલા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે 'ઘનજીવામૃત' બનાવવામાં વ્યસ્ત છે.

સુરત જિલ્લાનાં પલસાણા તાલુકાનાં અંભેટી ગામનાં ખેડૂત કમલેશ પટેલ પ્રાકૃતિક ખેતી કરે છે. એટલુ જ નહીં, પણ દેશને રાસાયણિક ખાતરની આયાત ઘટે અને તેના મજબૂત વિકલ્પ તરીકે ઘનજીવમૃત લાખો ખેડૂતો સુંધી પહોંચે તે સંકલ્પ સાથે ઘનજીવામૃત મોટા પાયે તૈયાર કરે છે. કૃષિ વિભાગ દ્વારા પ્રાકૃતિક ખેતીનો પ્રચાર કરવા માટે ખેડૂતોને તાલીમ આપવામાં આવે છે અને માસ્ટર ટ્રેઈનર તૈયાર કરવામાં આવે છે. કમલેશ પટેલ પણ માસ્ટર ટ્રેઈનર છે અને અનેક ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા પ્રેરણા આપે છે.

રાજ્યમાં હાલ 8 લાખથી વધુ ખેડૂતોએ રાસાયણિક ખાતરને તિલાજંલિ આપી સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. સાડા પાંચ હેક્ટરથી વધુ જમીનમાં પ્રાકૃતિક ખેતી થઈ રહી છે. પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધતા રાસાયણિક ખાતરનાં વિકલ્પ તરીકે જીવામૃત અને ઘનજીવામૃતનો ઉપયોગ થાય છે. અને તેની માંગ સતત વધી રહી છે

પહેલી મેનાં રોજ સુરતમાં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ (VGRC)નાં પ્રથમ દિવસે "રાસાયણિક ખાતરમાં સ્વનિર્ભરતા: ખાતર ક્ષેત્રમાં આયાતના વિકલ્પ માટેની વ્યૂહરચનાઓ" વિષય પર ચર્ચા યોજાશે. કમલેશ પટેલ આ ચર્ચામાં જોડાશે.

વર્ષ-2017થી પ્રાકૃતિક ખેતી કરતા કમલેશ પટેલે ઘનજીવામૃતનું ઔદ્યોગિક સ્તરે ઉત્પાદન હાથ ધર્યુ છે. રોજ 1000 બેગ (એક બેગનું વજન 40 કિલો) તૈયાર કરે છે અને સમગ્ર રાજ્ય અને રાજ્ય બહાર તેનું વેચાણ કરે છે. ચાલુ વર્ષમાં રોજની 2000 બેગ તૈયાર કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનાં માર્ગદર્શનમાં રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધી રહ્યો છે. ગુજરાતનાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત રાજ્યનાં ગામડાંઓ ખૂંદી રહ્યા છે અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળી રહ્યા છે. આ તમામ પ્રયાસોને પરિણામે, ખેડૂતો રસાયણિક ખાતરોનો ઉપયોગ બંધ કરી તેના વિકલ્પ તરીકે જીવામૃત અને ઘનજીવામૃતનો જૈવિક ખાતર તરીકે ઉપયોગ કરી પ્રાકૃતિક ખેતી કરે છે.

ઘનજીવામૃત એક શક્તિશાળી જૈવિક ખાતર છે. તે જમીન સુધારે છે. ખેતરમાં સૂક્ષ્મજીવોની વૃદ્ધિ કરે છે. જમીનના પોષક તત્વોમાં વધારો કરે છે અને ઉત્પાદન વધારે છે.

### ચાલુ વર્ષે એક લાખ બેગ ઘનજીવામૃત બનાવવાનું લક્ષ્ય



કમલેશ પટેલે જણાવ્યું કે, "વધુ અને વધુ ખેડૂત પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે. તેમને જીવામૃત અને ઘનજીવામૃતની જરૂર પડે છે. ગયા વર્ષે અમે 50,000 થેલીઓ (40 કિલોની એક બેગ) વેચી હતી અને આ વર્ષે એક લાખ ઘનજીવમૃતની થેલીનું ઉત્પાદન કરવાનું આયોજન છે."

### પાલેકરનાં સેમિનારે જીવનનો માર્ગ બદલ્યો

વર્ષ-2016માં કમલેશ પટેલે સુભાષ પાલેકર દ્વારા આયોજિત ત્રણ દિવસના 'ઝીરો બજેટ' પ્રાકૃતિક ખેતીના સેમિનારમાં ભાગ લીધો હતો અને તેમનાથી ખૂબ પ્રભાવિત થયા અને તે જ ઘડીએ રાસાયણિક ખાતરને તિલાંજલી આપી અને પ્રાકૃતિક ખેતીનો માર્ગ અપનાવ્યો.

### પ્રાકૃતિક ખેતી કરવા ઇચ્છતા લોકોએ પ્રેરણા આપી

વર્ષ-2017માં શેરડીની ખેતીમાં પ્રાકૃતિક ખેતીથી કમલેશ પટેલને ઉત્તમ પરિણામો મળ્યા. શેરડીનું વિઘાદીઠ 45 ટન ઉત્પાદન આવ્યું. આ ચમત્કાર જોઇ ગામના અન્ય ખેડૂતોએ પણ આ પદ્ધતિ અપનાવવાની તૈયારી દર્શાવી પણ તેમની પાસે જીવામૃત અને ઘનજીવામૃત નહોતું. બનાવવાની ઝંઝટમાં પડવા માંગતા નહોતા એટલે તેમણે કમલેશ પટેલને આ બંનેનું મોટાપાયે ઉત્પાદન કરવાની વાત કરી અને તેમણે જીવામૃત અને ઘનજીવામૃતનું મોટા પાયે ઉત્પાદન શરૂ કર્યું. ગુજરાત સરકારે તેમને આર્થિક સહાય પણ કરી. હાલ કમલેશ પટેલ દરરોજ સરેરાશ આશરે 40,000 કિલો ઘનજીવામૃત અને 1,000 લીટર જીવામૃત તૈયાર કરી વેચાણ કરે છે.


વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

ટેન્ડર નોટીસ

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૭/૨૬-૨૭ | સેન્ટ્રલ સ્ટોર | ૦૭ | ૧૫,૩૭,૭૪૪/- |
| ૨ | ૯/૨૬-૨૭ | સ.વ. પટેલ પ્લેનેટોરીયમ | ૦૧ | ૨૨,૪૮,૫૪,૫૦૦/- |

નોંધ: અ.નં. ૨ ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં. ૧૦/૨૦૨૬-૨૭ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.

DGVCL

CIN:U40102GJ2003SGC042909

ગ્રામ્ય વિભાગીય કચેરી, અંકલેશ્વર ઓ.એન.જી.સી. વર્કશોપ સામે, સં.નિ.

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજ પુરવઠો બંધ રહેવાની જાહેરાત

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ સબ સ્ટેશનના સદર ફીડર પર જેટકો ઓફીસ દ્વારા તથા દ.ગુ.વી.જ.કં.લી દ્વારા લાઈન સમારકામની કામગીરી હોવાથી નીચે જણાવેલ સમયે દર્શાવેલ ફીડર પરથી વીજપુરવઠો મળી શકશે નહીં.

| ક્રમ | સબ સ્ટેશન | ફીડર | સબ-ડીવિઝન | ફોલ્ટ સેંટર નં | તારીખ -વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| 1 | ૬૬ કે.વી કોંઢ | તમામ ૧૧ કેવી ફીડરો | વાલિયા | ૮૯૮૦૮૦૩૯૧૩ | ૦૧.૦૫.૨૦૨૬ શુક્રવાર | ૦૮.૦૦ થી ૧૫.૦૦ |

કામ પૂર્ણ થયા પછી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

કાર્યપાલક ઇજનેર(સં.નિ.), ગ્રામ્ય વિભાગીય કચેરી, અંકલેશ્વર

એમ.સી.બી.ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો